૨૫૨૭

अर्पण पत्रिका.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

પારાવાર કળા તણા ગુણ તણા, ભંડાર ભારે અતી;
શાણા સુજ્ઞ વિચાર મિત્ર જનમાં, છે સૂક્ષ્મ જેની મતી;
દ્રષ્ટી અમૃતની કરી હરિ હવે, તું તેહને રાખજે;
ખુદાવિંદ નવાબ ન્યાય ભરિયા, ખુશી સદા રાખજે. ૧
નિતીમાં ભરપૂર ઉર ઉમદા, વિચાર જેના ઘણા;
કિર્તીથી અતિખ્યાત ન્યાય નયને, નિર્ખે ન રાખે મણા;
ક્લેશોને હરનાર જાર નરને, સુબોધ દાતા ખરે;
ખુદાવિંદ નવાબ ન્યાય ભરિયા, ખુશી કરો હે હરે. ૨
તારા સાર વિચાર રાખી હૃદયે, નિર્મત્સરી જે ફરે;
ભક્તિ ભાવ ધરી હરી તણી સદા, નિઃશંકથિ જે કરે;
વિદ્યા વેલ વધારનાર જડતા, ને મારનારા ખરે;
ખુદાવિંદ નવાબ ન્યાય ભરિયા, ખુશી કરો હે હરે. ૩
પૂરી સચ્ચિન સ્થાન જ્ઞાન અદકુ, પ્રીતી તણા પારખુ;
દીધો કેળવણી અતી હિત ધરી, વાણી નહીં વારખુ;
છું હું કીંકર આપનો ચિત ધરી, દાના દિલે ધારશો;
ખુદાવિંદ નવાબ નીત પ્રિતમાં, આ ગ્રંથ સ્વિકારશો. ૪

હરિગીત છંદ.

ગુણવંત શાણા સ્નેહીને વિદ્વાન વર્ય વિચારશો;
પૂરી સચીન શુભસ્થાન શોભે, ધર્મિ જન મન ધારશો.
બહાદુર બાવન વિર ધિર વિદ્યા વિશેષ વધારશો.

અબદુલ્લ કાદરખાન અર્પું જ્ઞાન ગ્રંથ સ્વિકારશો.

આ અલ્પ મતિથી રચાયેલું શ્રવણ પિતૃભકિત નામનું નાટક નેક નામદાર પ્રબલ પ્રતાપી સામંત ચક્રચુડામણી મહારાજા ધીરાજ શ્રી નવાબ સાહેબ અબદુલ્લ કાદરખાન બહાદુરની પવિત્ર સેવામાં નમ્રતા પુર્વક ગ્રંથ કર્તા અર્પણ કરેછે તે કૃપા કરી સ્વિકારશો એવી આશા છે.

વિનંતી ગોકળજી વિ. પ્રાણજીવંન રાવળ

મોરબી.

૨૫૨૭

પ્રસ્તાવના.

હે સુજ્ઞ આર્યબંધુઓ તથા પવિત્ર મિત્રો ! શ્રવણ પિતૃભક્તિ નાટકની અંદર કારૂણ્યરસ પ્રાધાન્ય છે અને શ્રવણે મનકર્મ વચનથી કરેલી અનન્ય પિતૃભક્તિનો, આ બેહુબ ચિતાર દાખલ કરેલ છે. અને તે વારતાનો મુખ્યત્વ આધારે માહાભારતની અંદરથી લીધેલ છે, પરંતુ આટલુંતો લખવું અગત્યનુંછે, કે હે વિદ્વજ્જનો ! માહાભારતની અંદરથી શ્રવણના માતા પિતાનું નામ ઘણું કરીને શુંછે, તે નીકળી શકતું નથી. અલબત હશેતો ખરૂં પણ આ અલ્પ મતિના માણસે ઘણી મેહેનત કરેલછે પરંતુ મને તે ખોળતાં મળી શક્યું નથી પણ એક ભાષાનો ગ્રંથનામે અવતારચરિત્ર મારા જોવામાં આવ્યો છે. અનેતેની અંદર શ્રવણના પિતાનું નામ કુંભકમુની અને તેની માતાનું નામ બુદ્ધિની છે. આમ તે ગ્રંથ કર્તા દર્શાવે છે તેમજ હાલમાં એક અત્યુત્તમ ઘણુંજ રમુજી અને અસરકારક શ્રવણ પિતૃભક્તિ નાટક ગુર્જર ભાષામાં, ભટ્ટ ભોગીલાલ માહાનંદે રચી પ્રસીદ્ધ કરેલ છે તેના અંદર શ્રવણના પીતાનું નામ શાંતનુમુની, અને શ્રવણની માતાનું નામ જ્ઞાનવતી રાખેલછે. તે ઘણું સારૂં નામ છે વળી તેજ નામ માહાભારતની અંદરથી નીકળ્યું હોતતો ઘણુંજ આધારવાળું થઈ પડત, પરંતુ તે માહાભારત વીષે એક આવું પદ્યછે કે याकथा भारते नास्ति

साकथा काल्पिता कृता, મતલબકે જે વારતા માહાભારતમાં નથી તે બધી કલ્પીત છે અર્થાત જોડી કાઢેલછે, હવે કહોકે ઉપર લખેલું નામ એકતો કુંભકમુની અને બુદ્ધિની તેમજ બીજું નામ શાંતનુંમુની અને જ્ઞાનવતી એ બન્ને નામ કલ્પિત છે એમ સ્પષ્ટ સમજાઇ આવેછે અને વળી મારે પણ આ વખતે એક ત્રીજું નામ કલ્પિત કરવા કરતાં મુળ શ્રવણ પિતૃભક્તિ નાટકના આધારથી શાંતનું તથા જ્ઞાનવતી નામ દુરસ્ત લાગવાથી આ નાટકની અંદર પણ તેવીજ રીતે ઉપરનું નામ દાખલ કરેલ છે.

હવે જુઓકે માતા પીતાની ભક્તિ કરવાથી જે ફળ મળેછે તે સ્પષ્ટ આ નાટક વાંચવાથી જણાઈ આવશે, કારણ કે શ્રવણે પોતાના અંધ અને અપંગ માતા પીતાને અનન્ય પ્રીતી ભાવથી કાવડમાં બેસારી અને તે કાવડ પોતાના ખભાપર ઉપાડી અડસઠ તીર્થ અને પૃથ્વી પ્રદક્ષીણા કરાવી, તેના ફળમાં પોતાને અને માત પીતાને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થયું એટલુંજ નહીં પણ ઇંદ્ર, નારદ વિગેરે દેવતાઓએ મૃત્યુ લોકમાં આવી દર્શન આપ્યું અને શ્રવણ જેવા પુત્ર હવેથી દુનીયામાં પીતૃભક્ત થવા માટે શ્રવણની સમક્ષ ઇંદ્રાદી દેવતાઓએ ઇશ્વરની પ્રાર્થના કરી, એ કાંઈ પીતૃભક્તિનો ઓછો મહીમા નથી.

તેમજ પીતૃભક્તિ નહી કરતા જે લોકો માતાપીતાનો અનાદર કરેછે તેને પણ સમજુતી આપવા માટે શ્રવણ

ઉપરજ કુરૂક્ષેત્રમાં, જે બનાવ બન્યો તે જાહેર રીતે જણાવી આપેછે કે, ગમે તેવા વિદ્વાન, ગમેતેવા સમજુ, ગમેતેવા બળવાન, યાતો ગમેતેવા ઈશ્વર ભક્ત હોય, તો પણ જો માતા પીતાનો અનાદર કરતો હોય, તો તેને દેવ-તાઓ પણ સહાય કરતા નથી. તેમજ પોતાના ખરા ઇષ્ટ-દેવ પણ ભક્તિ કરવાથી ફળ આપતા નથી કારણ કે, પુત્રતો એક નિષ્ટાથી પોતાના માતા પીતાને ખરા ઇષ્ટદેવ માની પિતૃભક્તિમાં પરાયણ રહે તોજ પરમ કૃપાળુ પર-મેશ્વર સહાય કરે, અને તોજ આ લોકમાં, અને પરલોક માં સુખ ભોગવનાર થાય.

હવે જુઓ કે શ્રવણ જેવો આજ સુધી દુનીયામાં કોઈ પણ માણસ પિતૃભક્ત થયો નથી અને થશે પણ નહીં, એમ કહીયે તોપણ ચાલે તોપણ જ્યારે શ્રવણ પોતાના માતાપીતાને સઘળાં તીર્થ કરાવી, છેવટ અયુધ્યા તરફ ચાલ્યો ત્યારે ઈંદ્રને પોતાનું ઈંદ્રાસન જવા વીશે ડર લા-ગવાથી, નારદમુનીની સંમતી લઈ, વૃધવિપ્રનું રૂપ ધારણ કરી, મૃત્યુ લોકમાં આવી શ્રવણને કુરૂક્ષેત્રના રસ્તા પર ચઢાવ્યો અને છેવટ કુરૂક્ષેત્રના પ્રભાવથી શ્રવણનું અંતઃકરણ મલીન થવાથી થોડો વખત પણ માતાપીતાનો અનાદર કરી વીજન વનમાં પોતાના અંધ અને અપંગ માતા પીતાને તરછોડી પોતે એકલોજ જવા તૈયાર થયો. કાવડ પૃથ્વીપર પછાડી એટલુંજ નહીં પણ, ક્ષણ ક્ષણ વારમાં જરા દુર આવ્યો અને વળી પોતાના, માતા

પીતાનો, સકરૂણ વિલાપ સાંભળી, પાછો આવ્યો, એટલો બનાવ, ફકત કુરૂક્ષેત્રના પ્રભાવથીજ બન્યો, પણ છેવટ પોતે માહા સમજુ વિદ્વાન અને પીતૃભગત હોવાથી, તરતજ, કુરૂક્ષેત્રનો, અંત, લાવી, પોતાના માતા પીતાને અયુધ્યા.તરફ લઈ ગયો, હવે વીચારો કે, આ બાબતમાં શ્રવણ તદન નીરપરાધી હતો, તોપણ જરા વખત, આજ્ઞાણ્યા, પણ માતા પીતાનું અંતઃકરણ, કચવાવ્યું, તેનાં, મહાન,પાપથી,છેવટ દશરથ રાજાના બાંણથી મધ્ય રાત્રી, વખતે પોતાનું મૃત્યુ થયું, હવે વિચારો કે, ત્યારે જો પુત્ર જાંણતા છતાં માતા પીતાનો અનાદર કરે અને તેમની આજ્ઞા પ્રમાણે નહી વર્તતાં તેમનું, અંતઃકરણ કચવાવે તો તેને કેટલું દુઃખ પડે તે સજનો આપજ ખ્યાલમાં લાવો.

સુજ્ઞ વાંચનારાઓ શ્રવણની પીતૃભક્તી ઉપર દ્રષ્ટી કરી જોઇએ છીએતો, તેમની, અતુલ ભકુતી શીવાય, કાંઇ પણ નજરે પડતું નથી. કારણ કે, જ્યારે શ્રવણ મરણ પામ્યો, ત્યારે પોતાના દેહનો નાશ થયો તેને નહી ગણકારતાં, હવે મારાં માતા પીતાની સેવા કોણ કરશે, અરે હવે એમનું શું થશે.હા. અરે. હવે તેમનો પણ,પ્રાણ મારી સાથેજ નાકળી જશે, એવો વિચાર કરતાં આ અસાર, સંસાર, નો ત્યાગ કર્યો, પરંતુ એક નીષ્ટાથી કરેલી પીતૃભક્તીના પ્રભાવથી ઈંદ્ર તથા નારદ મુનીએ, પધારી, બે મુહુર્ત, ફકત તેમના માતા પીતાનો, સકરૂણ વિલાપ સાંભળી સજીવન કર્યો અને વરદાન આપવા, ઇંદ્ર તથા નારદમુની તૈયાર થયા,

તોપણ શ્રવણ સ્વર્ગ સુખનો કે મોક્ષપદનો તીરકાર કરતાંજ આજ મારાં માતા પીતાની અહરનીશ સેવામાં હું નીમગ્ન રહું. અને જોકે પુનર્જન્મ થાય તોપણ આજ માતા પીતાનો પુત્ર થાઊં અને એમની સેવા કરવા નીરપરાધી થાઊં એવું વરદાન માગી લીધું, અને ઈંદ્રદેવે પણ પીતૃભક્ત શ્રી, શ્રવણનું બોલવું કબુલ રાખી તેમના માતા પીતાને, અને શ્રવણને સ્વર્ગમાં લઈ ગયા એટલુંજ નહીં પણ હવેથી આ દુનીઆમાં, શ્રવણ જેવાં પુત્ર રત્ન પાકવા, નારદ સહવર્તમાન, પરમકૃપાલુ પરમેશ્વરની પ્રાર્થના કરી.

હવે જુઓકે, પીતૃભક્તીએ કાંઈ ઓછી બાબત નથી, માટે સુજ્ઞ સજ્જનો આર્યબંધુઓ તથા આર્ય વિદ્વાનો અને પવીત્ર મીત્રો હું નમ્રતા પુર્વક પ્રાર્થના કરૂંછું કે હમેશાં માતા પીતાની ભક્તી કરવામાં પોતાનું મન જોડવું અને માતા પીતાજ ઇશ્વર જાંણી મન, વચન, કર્મથી તેમની સેવા કરવી એજ સુપુત્રનું લક્ષણ છે.

હે સુજ્ઞ સદગ્રહસ્થો આ નાટક છપાવતી વખતે શ્રી મોરબી નીવાસી શાસ્ત્રી ઘેલાશંકર પુંજાભાઈ તથા મીસ્તર કલ્યાણજી બેહેચર, રાવળ તરફથી મને ઘણોજ આશ્રય મળ્યો છે, તેથી હું તેમનો ઘણોજ આભારી થયો છું અને તે શીવાય પણ કેટલાએક સદગ્રહસ્થો તરફથી ઘણીજ મદદ મળી છે તે સાહેબોનાં મુબારક નામ પછવાડે લીસ્ટમાં દાખલ કરેલ છે તે સુજ્ઞ વાંચનારાઓ કૃપા કરી દ્રષ્ટી ગોચર કરવા ઊચિત થશો આ પુસ્તક રચવામાં મારૂ

પ્રથમજ પ્રયત્ન છે તેથી કેટલેક ઠેકાણે અશુદ્ધ માલુમ પડશે પણ તેપર દ્રષ્ટી નહી કરતાં હે સુજ્ઞ વાંચનારાઓ માત્ર સાર ગ્રહણ કરશો એવી આશા છે.

આ નાટક, મોરબી, આર્ય જ્ઞાનવર્ધક, નાટક, કંપની હાલમાં ભજવે છે અને તેમજ હું પણ સદરહું કંપનીને લઇને સ્વસ્થાન શ્રી સચીનપુરીમાં નવાબ સાહેબ શ્રી અબદુલ્લા કાદરખાંન બાહાદુરની શાદીના સમય ઉપર ત્યાં ગયો હતો તે વખતે તેમના લગ્નના શુભારંભ વખતે મેં જે કવીતાઓ કરી હતી તે કવિતાઓ એક સાથે ગાવામાં આવતી.

હવે આ કવિતા દાખલ કરવા માટે કેટલીક ફરમાશ અને જે આ કંપનીને ઉત્તેજન આપ્યું તે ઉપકાર નહી ભૂલવા સબબે કવિતા આ નાટકની પ્રસ્તાવનામાં દાખલ કરેલછે માટે આર્યો તે બાબત મને હશી ન કાઢતાં માફ કરશો.

(છેજનપાલક. ટાલક, દુખનો) એ રાહ.

અબદુલ્લા કાદરખાન, બાહાદુર ગુણતણા ભંડાર. છે ગુણ. ટેક
રહો આપચીરંજીવ હે ભૂપ, તમે ગુણ વિદ્યાના કૂપ (૨)
પ્રજાપાળછો આગ દયાળ, દુર્જન નીંદક આપકૃપાળ;
ગૌબ્રાહ્મણ પ્રતીપાલ નૃપાલ, આશ્રયના દેનાર (અબદુ. ૧
ક્રોડ વર્ષતો આ નગરી, શોભાવો આપ, સચીન, પુરી.
કીર્તિ આપ તણી ફેલાઓ, ફતેહમંદ સઘળામાં થાઓ;
ક્લેશ મુલતો સઘળું જાઓ રહો ખુશ શીરદાર (અબદુ. ૨

(સૌ ઉપર કૃપાળું તું એરાહ.)

અબદુલ્લ કાદરખાન બાહાદુર, અતી પ્રાવિણ્યનેસુર (ટેક.
પ્રજાને પુત્ર સમ પાળે, જનોનાં દુઃખ વીદારે. (અબદુ. ૧
પ્રજાપર પ્રેમછે જેનો, ઘણો સારો અતી તેનો. અબદુ. ૨
ગરીબોનાં દાળીદ્ર દુર, કરેછે ભૂપતી ચક ચુર અબદુ. ૩

(રાજાહુંમે કોમકા) એરાહ.

અબદુલ્લ કાદરખાન બાહાદુર, સચીનપુરી મહારાજ;
વિદ્યા ગુણને વિવેક સાગર, શાણાના શીરતાજ (૧)
પ્રેમ પ્રજાપર રાખેસારો, પાળે પુત્ર સમાન;
બુદ્ધિશાળી નવાબ સાહેબ, નહી લેશ અભીમાન. (૨)
શાદી વખતે દેશ વિદેશ, થકી તેડાવ્યા રાય;
સર્વજનોને ખુશી કરીને, કીધાછે વિદાય. (૩)
ધામધુમ વિવાની જોઇ, ખુશી થયા જન સર્વ;
મોટા મોટા રાજવંશીના, ગયા ઉતરી ગર્વ. (૪)
કનિષ્ટભ્રાતા, સી. નશરૂલ્લા, ખાંછે જે શીરદાર;
રાજ કાજ સઘળાં કરવામાં, છે બહુ તે હુશીયાર ૫)
ઘણું જીવજો અબદુલ્લ કાદર, ખાનબહાદુર રાય;
ગોકળજીની એવી આશીષ, પ્રતિદીન ચઢતી થાય (૬)
આ કવિતામાં ગણ દોષ, યા શબ્દો હોય અશુભ;
કરૂં પ્રાર્થના ક્ષમા કરોને, હે, પૃથિવીના ભુપ. (૭)

(ઘરસેં ઇહાં કોન ખુદાકે લીયે) એરાહ.

અતી ગુણશાલીને સુબુદ્ધિના વિશાળ છે.

ગુણના ગ્રાહી ખુદાવીંદ નિતિપાલ છે. (૧)
નિતી અતી રામના સમાન તો વિસ્તારી છે.
પ્રજા હીતકારી શુભાશુભ મતી ધારીછે. (૨)
મન અતી હર્ષ ધરી, પ્રેમથી પ્રજાતણાં;
કર્યાં શુભ કાજ, સુધારા તણા નહી મણાં. (૩)
ધરી અતી ધીર મહાવિર, બહાદુરીથી;
શોભાવી સચીનપુરી, ને નિતીની રીતથી (૪)
કહેછે ગોકળજી, સુખી પ્રતિ દિન હજો;
કળા અતિ ચંદ્રનાં, સમાન ચઢતી થજો. (૫)
અતિ ગુણશાળીને, સુબુદ્ધિના વિશાળ છે;
ગુણના ગ્રાહી ખુદાવિંદ નિતીપાળ છે. (૬)

લી. હું. છું. આપનો સેવક

ગોકળજી વિ. પ્રાણજીવન રાવળ

ગ્રંથ કર્ત્તા.

श्रवण पितृभक्ति नाटक.

अंक पहेलो.

पात्रजन.

સ્થળ અયુધ્યાપુરીનિ ઉપાંત ભુમી.

સૂત્રધાર ....નાટક કર્તા.
વિદુષક........ ....એક મશ્કરો માણસ.
શાન્તનુ..... ......એક રૂષી. શ્રવણના પિતા.
દિવાકર....................રૂષી સુર્યનો ભક્ત.
મુક્તાકર....... ...... રૂષી. શંકરનો ભક્ત.
પદ્માકર ... . રૂષી. વિશ્નુનો ભક્ત.
અંબાલાલ...... .... રૂષી. દેવ.ભક્ત.
પ્રભાકર........... ....રૂષી. વેદાન્તિક.
શ્રવણ...................શાંતનુ રૂષીનો પુત્ર.
જ્ઞાનવતી... શાંતનુ રૂષીની સ્ત્રી અને શ્રવણનીમાતા

કમલાક્ષી, ચંદ્રપ્રભા } રૂષી પત્નીઓ અને જ્ઞાનવતીની પ્રિય સખીઓ.

સાવિત્રી................... શ્રવણની સ્ત્રી.
બે વિદ્યાર્થિઓ........શાંતનુ રૂષીના શિષ્યો.
શંકર...... .... શંકર અથવા કૈલાસપતિ.
પાર્વતી.............. પાર્વતી (શંકરપત્ની)

નંદી, ભૃંગિ } .... શંકરના અનુચર.

નારદ.............. નારદ અથવા એક રૂષી.
વૈધરાજ......શાંન્તનુ રૂપીને દવાકરનાર વૈદ્ય.
નિલકંઠ... ..એક બ્રાહ્મણ અને અમણનો પવિત્રમિત્ર
સુવદના.......................નિલકંઠનીસ્ત્રી.
ઇંદ્રરાજ .....ઇંદ્ર અથવા દેવતાઓનો રાજા.
વરૂણદેવ.......................... વરૂણદેવ.
અગ્નીદેવ .... અગ્નીદેવ
યમરાજ | યમ અથવા પાપિઓને શીક્ષા કરનાર એક દેવ.
અપ્સરા ..ઇંદ્રની સભામાં નૃત્યકરનારી એક અપ્સરા.
પ્રતિહાર.................... ઇંદ્રનો ચોપદાર.
બ્રાહ્મણ...રૂપાંતર ઇંદ્ર અથવા બ્રાહ્મણનું રૂપ ધારણ કરનાર ઇંદ્ર.
દશરથ .... અયુધ્યાપુરીનો રાજા
પ્રધાન..................... દશરથનો પ્રધાન,
સેનાપતિ.............. ......સેનાનો ઉપરી.
શાસ્ત્રી........... ..... દશરથને જ્ઞાન આપનાર એક બ્રાહ્મણ.
કંચુકી........દશરથ રાજાનો ખાનગી નોકર.
પ્રતિહાર ....દશરથ રાજાનો ચોપદાર.
વશિષ્ટમુનિ... દશરથ રાજાના કુલ પુરોહિત રૂષી.

(સર્વ પાત્રો મળીને ગાયછે.)

राग कल्याण भोपाली

दादरो.

आद्य माया ईश्वरी तुं,
दे सुबुद्धी भद्रकाली. टेक.
शुभकार्यमां सहाय,
अंबिके करे सदाय;
जेथी खेल पूर्ण थाय,
विघ्न ध्वंसकारी. आद्य मा० १
हुं छुं रंक जात मात,
तुं छे भ्रात मात तात;
दीन जाणी शुण वात,
चंडिके कृपाली आद्य मा० २
पुत्र तारो दीन जाणी,
गोकलजीने प्रमाणी;
आपजे तुं शुद्ध वाणी,
अंबिके दयाली आद्य मा० ३

॥ श्रवण पितृ भक्ति नाटक. ॥

॥ श्री गणेशायनमः ॥ श्री सरस्वत्यैनमः ॥

॥ श्रीसद्‌गुरुभ्योनमः ॐनमःशिवाय ॥

॥ सुत्रधार० करोति मंगलाचरणं ॥

॥ शार्दूलविक्रिडितामिदंवृतं ॥

लिलेऽयं धनिनां भ्रतिस्तुसुखिनां शिक्षा प्रमत्तात्मनां॥
संसार स्थिति रिद्रशीति विरति र्नानाविधा योगिनां
प्रितिःकाव्यरसाशिनां नवनवा कीर्तिःकवीनामियं
विद्या नाटक संज्ञिका भगवती विश्वोपकारःक्षमा १

(पंचदेवनिस्तुति)

॥ पार्वतीना प्राणनाथ प्रार्थनाकरुं, पार्वतीना०॥
॥ अहरनिश ईशतारुं ध्यान हुं धरुं पार्वतीना०॥ १
॥ आसंसार दुःखरुप तारकतमो आसंसार०॥
॥ छीए अज्ञानी ने अनाथ बालरे अमो पार्वतीना० २
॥ ब्रह्मा विष्नुने महेश त्रिमुर्त्तितमो ॥
॥ जगतगुरु दत्तात्रेय पुजीए अमो पार्वतीना०॥ ३
॥ आद्यमायाइश्वरीने पाए लागिए ॥

॥ विघ्नने विदारो शारदाजि मागिए पार्वतीना०॥४
॥ विघ्ननाश विपत्तिने दूररेकरो ॥
॥ भ्रांती आदिकाल कष्ट दुःखने हरो पार्वतीना०॥५

હે! સુજ્ઞ સભાસદો, આપે આ રંગભુમીપર પધારવા તસ્દી લીધી છે તેથી હું આપનો મહદ આભારી થયોછું. હે!! આર્ય સદગ્રસ્થો, માતા પીતા પ્રત્યે છોકરાંઓના શું ધર્મછે તેની સાધારણ ગણનાતો દરેક મનુસ્યો સ્વાભાવિક રીતેજ જાણેછે, તોપણ આર્ય વિદ્વાનોની આગળ નમ્રતા પુર્વક એક અત્યુત્તમ અને અપુર્વ શ્રવણપિતૃ ભક્તિ નામનું નાટક ભજવી બતાવવા રજા લઉછું. જે એજની અંદર કારૂણ્યરસ પ્રાધાન્ય છે. અને શ્રવણ નામના બ્રહ્મર્ષીએ કરેલી પિતૃભક્તિનો આબેહુબ ચીતાર દાખલ કરવામાં આવેલછે વાસ્તે મેહેરબાની કરી અથથી ઇતિપર્યંત એકાગ્રચિત્તથી શ્રવણ કરશો એવી આશા રાખુછું.

વિદુશક—(પ્રવેશ કરીને) અરે! આ અદભૂત રચનાનો આડંબર કરી મગરૂરીમાં મસ્ત બની તબલાપર થાપ મારી કોણ બકેછે? શું ભૂતથી ભડક્યો છે? ના, ત્યારે શું સાવજની બીકથી સંતાણોછે? નહીં નહીં, તેમ હોવું પણ અસંભવિત છે, રએને કોઇ વીતેલી વીપત્તિનો વિસ્તાર કરી રાત્રી નિરગમન કરતો હોય, લેને ત્યારે હુંજ પૂછી જોઉ! (પ્રકાશ) અરે! ભૂત ભડકામણા, તું કોણ બડોછે કે?

સુત્રધાર—(સ્વગત) અરે આ સંગીતકલાના અત્યુતકૃષ્ટ

આનંદમાં વિઘ્નરૂપ વાદળું કયાંથી આવ્યું! એમની બોલી ઉપરથીજ તે અવિવેકીના ભંડાર લાગે છે, ફીકર નહીં પરંતુ તેમનો જીવદરમિયાન હોયતો આપણનેજ ગમતરૂપ થઈ પડશે (પ્રકાશમાં) કેમ! ફાંકડેરાઓ આપનું નામ શું! અને આપનું પધારવું કયાંથી થયું! તે કૃપા કરીને કેહેશોકે સાહેબજી!

વિદુશક—પંડીતરાજ, પ્રથમ આપનું નામ બતાવો એટલે થઈ ચુક્યું.

સુત્રધાર—મારૂં નામ સુત્રધાર દેશ પ્રસિધ છે.

વિદુશક—અજાબત સુત્રધાર ખરા **सूत्रंप्रयोगानुष्टानं धरतीतिसुत्रधारः॥ तदुक्तंसंगितशास्त्र** પરંતુ તમારા નામનો ખરો તાત્પર્ય શું છે તે જણાવો.

સુત્રધાર-સાંભળ.**वर्तानियतयासूत्रं। प्रथमंयेनसूच्यते॥**
रंगभूमीसमाक्रम्य। सूत्रधारःसउच्यते॥१॥

પ્રથમજ રંગભુમીમાં આવીને થનાર નાટકનું બયાન સુચવનારનું નામ સુત્રધાર કહેવાય છે,સમજણ પડીને સરદાર સાહેબ!

વિદુશક—સમજણતો પ્રથમથીજ પડીછે એઆબાબાઈ લે હવે મારૂં નામ કહુછું તે સાંભળ.

સુત્રધાર—એક કાન દઈને સાંભળુંછું સાહેબ બોલો.

વિદુશક—ઠીક ત્યારે બીજા કાનથી બેહેરોછું કે શું કાકા!

સુત્રધાર—અરે! વળી આડી વાતે ઉતરી ગયો કે શું! કે બોલ એક ચિત્તથી સાંભળુંછું, ઠીક.

વિદુશક—અરે બાવરા બધાઓને એકજ ચિત્ત હોયછે કદાચ બે ચિત્ત હોયતો બની ગયો કેહેવાય.

સુત્રધાર—ઠીક ત્યારે જીવ દરમિયાન રાખીને સાંભળ્યું હવે કાંઈ કહેશો?

વિદુશક—વાહરે વાહ! ચેલાભાઈ, ત્યારે અટાણસુધી જીવ દરમિયાન નહોતો કે શું?

સુત્રધાર—બહુ સારૂં ભાઈ બહુ સારૂં, ત્યારે હવેતો આપનું નામ બતાવો એટલે ગંગા નાહ્યા.

વિદુશક—શું મારૂં નામ લે લે શાંભળ. એ. આ. મારૂ નામતો પાડો.

સુત્રધાર—અલ્યા પાડો તે.

વિદુશક—અરે!! હાય હાય! હજુ સમજ્યો નહીં, એ આ પડ્યો પડ્યો ખાયતે પાડો કેહેવાય.

સુત્રધાર—હાં! ત્યારે શું તમે પડ્યા પડ્યા ખાઓછો?

વિદુશક—અરે હારે હાએ આ પડ્યા ખડ્યા અને જડ્યાઓને નખાઇએ ત્યારે શું પોસાઇયે? આપણા રામને કોણ ઓળખે છે અદા.

સુત્રધાર—વાહરે વાહ વળી તમનેતે કોઈ ન ઓળખે એવું તે કદી હોય?

વિદુશક—ન હોય ત્યારે શું જુઠું બોલીને જખમારીયે છીએ? આ અકબંગીનેતે કોણ ઓળખશે વનનાં વાંદરાં?

સુત્રધાર—એક ઓળખવાને માટે કેટલી ટીકા થઈ? અર

તમને નહીં ઓળખતા હોય પરંતુ તમારા બાપાનેતો બધા ઓળખતા હશે કે નહીં.

વિદુશક—અરે બાસ માં બાસ માં મારો બાપતો બગલો હતો ભાઈ.

સુત્રધાર—અલ્યા બગલો તે.

વિદુશક—એ બગલાની પેઠે ધ્યાન ધરીને બેઠો રેહે અને વખત આવે કાંમનાઅે કાઢીને દઈ.

સુત્રધાર—ત્યારે તમારી માને કોઈ ઓળખતું હશે કે નહીં!

વિદુશક—શું દઈ કે બાપા અરે એમ વીટી ધુંટીને કોઈને ગાળ ન દઈએહો! માતો તમારે સરખી અને આબંદાને સરખી હો!

સુત્રધાર—સુરખાધિપતિ સાહેબ! મેં ગાળ દિધિ નથી હો, મેંતો તમારી માને કોઈ ઓળખતું હશે એમ કહ્યુંછે.

વિદુશક—માને કોણ ઓળખે એ શું આપણી પેઠે ગામમાં ભાટકતી ફરેછે? જે ઓળખે! અને તેમ ક્યાં બન્યુંછે!

સુત્રધાર—ત્યારે શું બન્યુંછે બંગાળાના બાબુ.

વિદુશક—એ આ. મને. તો કહી દઉછું હો જોજે પછે એ આ કીધું.

સુત્રધાર—મારૂં નામ પુછ્યું ત્યારે હવે કહ્યા વગર છુટકો નથી ભાઈ કહોને સરદાર કેહેવું તે કેહેવું.

વિદુશક—ભાઈ ઘણુંએ જાણુંછું જે કેહેવું તે કેહેવું પણ એ આ મને મારી મા બમહોનાનો પેટમાં મુકીને મરી ગઈછે, ઓધાભાઈ એમ સમજોને.

સુત્રધાર—ત્યારેતો તમારૂં જન્મજ થવું અસંભવિતછે.

વિદુશક—અસંભવિતજ હોયતો (છાતી કાઢીને જ્યારે આવા ગધેડા જેવાને જન્મ આપે તે કરતાં મરી જવું તે શું ખોટું છે?

સુત્રધાર—અલબત મૂરખ માણસને જન્મ આપવા કરતાં મરવું તે હજાર દરજ્જે સારૂં છે, એ તારૂં કે'વું બીલકુલ ખોટું નથી.

વિદુશક—હવે બકબક નહીં કર બેસી રહે.

સુત્રધાર—તું ખરે કોઈ મશ્કરો લાગે છે.

વિદુશક-ઠીક ઠીક હવે બેશી રહે મશ્કરા છીએ તોય શું? ક્યાં તારે ઘેર રોટલા ખાવા આવીએ છીએ.

સુત્રધાર—આવો તોય શું તમારો પ્રતાપ છે.

વિદુશક—હા એતો હુંએ જાણુંછું કે ચાર ખૂણે ચાર એકાદશી અને વચમાં ગોકલઆઠમ હશે ભાઈ.

સુત્રધાર—બહિમ બોલી છે ગંગારામભાઈ.

વિદુશક—હા એતો મુઠિયું વાળીને ઘરમાં ગરીગઈ હશે,તે કાઢવાને તમે ગમે એટલી મેહેનત કરો પણ બધું ને વ્યર્થ તમે કાઢો ને પછી ગરીજાય, સામના સડાકા ને ભૂખના ભડાકા અનવસતરેને આગરનો તોટો બાકી બધુએ હશે.કેમ ઠીક લવાય છે નાં?

સુત્રધાર—અબ્બા તારા ડોળ ઉપરથીજ લાગે છેકે રખે ને તું વિદુશક હોય અને એમ હોયતો આજ તું મને પૂરતી મદદ કરી શકે નહીં!

વિદુશક—હા કાકા હા હુંતો એજ અને મદદ જોઇતી હોયતો હોને અમારે ક્યાં ના છે (હાથનો ડોળ કરીને) લ્યો લ્યો લ્યો પીયાણી બાપી પાણિ શાણા સુત્રધાર બાઇ લાયો આ ઘોડિ આવી.

સુત્રધાર—અલ્યા વળી ઘોડિ ક્યાં છે અને આ શું બકે છે!

વિદુશક—ઘોડી નહિ ત્યારે શું આ ગધેડિ છે? બાપા?

સુત્રધાર—એ બંનેથી તુંતો જુદોજ છે.

વિદુશક—ત્યારે શું શ્વાનમાં ગણાઉછું?

સુત્રધાર—નાના એવું તે કદી હોય?

વિદુશક—ત્યારે કોણ બળધનો બાઇ?

સુત્રધાર—નહીં નહીં. તુંતો સાવજ.

વિદુશક—કેનો માંખીઓનો કે? છોને રહ્યો બાઇ માંખીઓનો તોપણ સાવજતો ખરો.

સુત્રધાર—તે એ બધુ જવાદે અને હું મંગલાચરણ કરૂછું તે સાંભળ.

વિદુશક—તું આજ નાક કટ કોનું કરવાનો છે? તેતો કહે!

સુત્રધાર—આજ રોજ હું શ્રવણ પિતૃ ભક્તિ નામનું નાટક ગાયનથી ભરપૂર ભાષાન્તર સાથે ભજવી બતાવવાનો છું.

વિદુશક—અરે ભલું યાદ આવ્યું! તે શાંતનું રૂષિનો પુત્ર શ્રવણ એનાં આંધળાં માબાપને તિર્થ યાત્રા કરાવી તેજ કે બીજો?

સુત્રધાર—હા એજ હવે તને પૂછુંછું કે આપણે કીયા દેવની આરાધના કરશું કે જેથી આ ખેલ નિર્વિઘ્નથી પરી પુર્ણ થાય.

વિદુશક—ત્યારેતો સુત્રધાર-ગજાનન મહારાજની આરાધના કરીએકે જેની કૃપા આપણને સુખદાયક થાય.

સુત્રધાર—બહુ સારૂં ત્યારેતો પ્રથમથી સુજ્ઞજનબોધક શ્રવણનું ગાયન ગાયા બાદ પછીથી ગજાનન મહારાજની સ્તુતિ કરૂંછું તે દરમિયાંનમાં તું અંદર જઇ પાત્રોને તેયાર કર.

વિદુશક—ત્યારેતો હું આ હાલ્યો પણ તું હવે બહુવાર લગાડે છે હો (જાય છે.)

સુત્રધાર—

॥ गायन राग धन्याश्री ॥

भक्ति हमेश करो । श्रवण वत भक्ति हमेश करो।टेक।

मात-पितानी भक्ति करिने ।
पद पंकज याद करो ॥ श्रवण० १ ॥
मात पिता पद सेवी अहरनिश ।
भव संसार तरो ॥ श्रवण० २ ॥
काम क्रोध ममता मद मेली ।
क्लेश कुबुधि हरो ॥ श्रवण० ३ ॥
धन्य दिवस आ अवसर जाणी ।

पितु पद ध्यान धरो ॥ श्रवण० ४ ॥
प्रेम अतिशय उरमां आणि ।
आ लोक हित करो ॥ श्रवण० ५ ॥
गोकलजि परणाम करि कहे ।
दुष्ट जनोथी डरो ॥ श्रवण० ६ ॥

॥ राग सोरठ ॥

गजानन महाराज । जयजय गजानन महाराज ॥
गजानन महाराज आवे शोभे गजानन महाराज ज.॥
आपतणी तो भक्ति आपो [२]
सिद्ध करो सुकाज ॥ जय० १ ॥

(ડ્રાપસિન ઉઘડે છે ને ગજાનન પધારે છે.)

સુત્રધાર—ગજાનન મહારાજ! ચરનપર શીશ રખતાહું.

ગજાનન—હે સુત્રધાર! મેં કૈલાસ પર્વત કે વિષે તાંડવ નૃત્ય ગાયન કરતાથા, ઇતનેમે તેરી દીનવાંણી કરૂણામય સ્તુતિ સુનકે યહરંગ ભૂમિકે વિષે પ્રાપ્ત ભયાહું સો હે વત્સ! તેરેકું ક્યા સંકષ્ટ પ્રાપ્ત ભયાહે? સો મેરે આગે સત્વર બયાન કર?

સુત્રધાર—ગજાનન મહારાજ! બડી ઉત્કંઠા સંયુક્ત અત્યુત્તમ ભગવત લીલા પ્રકાર કરતેહેં, ઉનમેં બહોત પ્રકારકે વિઘ્ન આતેહેં સો વિઘ્નકુ દૂર કરનેકે વાસ્તે મેંને આપકા સ્મરન કીયાહે, સો વિઘ્નકુ નિવારન કરનાં ચાઇયે.

ગજાનન—હે ભાગવતા કહતાહું સો શ્રવન કર? (ગાયન)

जेही मन धारन धरनाहि, वत्सा साचर सिधि होई।
वाग्विलास मबल पात्रके, अज मुता सम रोई ॥
जेहि मन धारन धरनही व० ॥१॥

મેરી કૃપાસેં તેરા સબ વિઘ્નો દૂર હો જાયગા. અરૂબ્રહ્મ તનયા જો શારદા હે, ઉસ્કિ પ્રાર્થના કરલે વો ભગવતી તેરે સબ નાટક પાત્રકું વાગ્વિલાસકા વર પ્રસાદ દેકે સુસાનિ કરેગી.

સુત્રધાર—અચ્છા મહારાજ, મેં બ્રહ્મતનયા જો શારદાહે ઉસ્કિ પ્રાર્થના કરતાહું, તબતલક સ્થિત હોના.

ગજાનન—અચ્છા ભાગવતા તે સરસ્વતિકી પ્રાર્થના કરનેકુ સત્વર તૈયાર હોજા. મેં તેરા વિઘ્ન નિવારણાર્થે ઇધરહી બૈઠતાહું.

સુત્રધાર—અચ્છા મહારાજ, સરસ્વતિકી આરાધના કરતાહું.

शुद्धांब्रह्मविचारसारपरमामाद्यांजगद्व्यापिनीं ।
विणापुस्तकधारिणीमभयदांजाड्यांधकारापहां ॥
हस्तेस्फाटिकमालिकांविदधतींपद्मासनेसंस्थितां ।
वंदेत्वांपरमेश्वरींभगवतींबुधीप्रदांशारदां ॥१॥

॥ आर्या ॥

सारेगमपधनिरतांतां विणासंक्रांतहस्तांतां ।

शांतांम्रदुलस्त्रांतांकुचभरनमितांनमामिशिवकाता। १

नमामितवपादपंकजं शारदेशारदेशारदे ।
श्रीमन्मयुरासने पाहिमांपाहिमांपाहिमां ॥
कमलासनतनयेनमामिसुखदेविश्वोपकारक्षमे ।
हंसारूढसरस्वति वरमदेत्राहिचदेविहिमां ॥१॥

(સરસ્વતિ અંતરીક્ષથી પ્રવેશ કરે છે.) હે! માતું શારદે ચરનકમલમેં અભિવેદન કરતાહું.

સરસ્વતિ—અહા !! હે વત્સા, તેરેસેં પુરન આશીશહે અ-સ્યામેં બ્રહ્મલોક કે બીચ્ચે તાંડવનૃત્ય ગાયન કરતીથી, ઇતનેમેં તેરી દીનવાણી કરૂણામય સ્તુતિ સુંનકે, યહરંગ ભૂમીકે બીચ્ચે પ્રાપ્ત ભઈહું સો હે બચ્ચા તેરેકુ ક્યા સંકષ્ટ પ્રાપ્ત ભયાહે? સો મેરે આગે સત્વર કહદે.

સુત્રધાર—અહાં હે!! સંકષ્ટ નિવારિણી શારદે! કલ્યાણી મંગલ મુર્તિ મેં યહરંગ ભૂમીકે બીચ્ચે આધુનીક કવિકા બના-વેલા નાટક કરનેકી ઇચ્છા રખુતાહું, ઉનમેં બહોત પ્રકારકે વિઘ્ન આતેહે, સો વિઘ્નકું નિવારન કરનેકે બાસ્તે ગજાનન મહારાજને મેરેકું આપકી પ્રાર્થના કરનેકા કહાસો હે સર-સ્વતિ વિઘ્નકુ દૂર કરનાં ચહયે.

સરસ્વતિ—અહાં હે! ભાગવતા, મેરી કૃપાસેં તેરા સબ વિઘ્નઃ દૂર હો જાયગા અરૂ તેરે સબ નાટકપાત્રો બ્રહસ્પતી વત્ ભાષણ કરેગા, સો હે બાલિકા યે ભગવતલિલાકા સત્વર પ્રારંભ કરનાં ચહએ.

સુત્રધાર—અચ્છા જગત પાલિકે! આપકી આજ્ઞા માફીક સત્વર પ્રારંભ કરતાહું.

સરસ્વતિ—અહાં! હે નાટકાચાર્ય! તેરાયહ નાટક કોનસા ગામમેં અરૂ કોનસા કવિને બનાયાહે, સો મેરી આગે સત્વર કહદે.

સુત્રધાર.—

॥ गायन राग सोरठ ॥

हुंतो कर जोडीने कहुंछुं माता शारदा रे,
हुंतो कर० ॥टेक॥

औदिच ज्ञाति दास तमारो,
स्तुति करेछे कष्ट निवारो ;
गोकळजी गुण गाये आपो उदारतारे ॥हुंतो०१॥

॥ गायन राग सदर ॥

नमुं मा सरस्वति तव चरनां, नमुं मा सर०॥टेक॥
वास विशेषे मयुरपुरिमां,
पुत्र प्राणजिवनना ॥ नमुं मा०१ ॥
औदिच ज्ञाति नाम गोकलजि,
तेनी नाटक रचना ॥ नमुं मा० २ ॥
नाम जपेछे निशदिन तारुं, रेजो सदाय शरनां ॥
नमुं मा सरस्वति तव चरनां ॥ नमुं मा स० ३ ॥

અહાં! હે સંકષ્ટ નિવારીણી સરસ્વતિ? મેરા યહ નાટક મધુરપુરનીવાસિ કવિચક્રચુડામણીકે દાસાનુદાસ રાવલ ગોકલજી પ્રાણજીવન શાસ્ત્રીને બનાયાહે.

સરસ્વતિ—અહા હે મમભક્તવર્ય! ભાગવતા યહ નાટક બનાવનાર ગોકલજી પ્રાણજીવન રાવલકી જીન્હાપે મેરા નિરંતર બાસ રહેગા.

ત્રધાર—તથાસ્તુ માત સ્તથાસ્તુ.

સરસ્વતિ—અહા! હે સુત્રધાર, અબ મેં બ્રહ્મલોકકે વિષેં ગમન કરતીહું.

સુત્રધાર—અચ્છા માતુશ્રી પધારીયેં.

॥ गायन राग टोडि ॥

भक्त ननोरथ पूरण मैया करजोडी कहुछुं ।
नाम अहरनिश तारुं मैया भक्तिथि लउछुं ॥
मधाराये अंबे स्वस्थाने विघ्नद्वंसकारी ।
स्तुति करेछे गोकलजी तव वर दे विघ्नहारी ॥
आदि अनादी मात शारदे कर करुणा कालि ।
विश्व विनोदि तुंज एक छे दुख समुह टालि ॥
भक्त मनोरथ पुरण मैया करजोडी कहुंछुं ।

(સરસ્વતિ પધારે છે અને ડ્રોપસીન પડે છે.)

॥ इतिनाटकनिर्विघ्नायमंगलाचरणंकृतंसुत्रधारेण ॥

॥ अथ श्रवण पितृभक्ति नाटक ॥

પ્રવેશ ૧ લો.

સ્થળ શાંતનું મુનિનો આશ્રમ.

(પાત્ર)

દીવાકર—પ્રભાકર—પદ્માકર—મુક્તાકર—અંબાલાલ પછીથી શાંતનું વિદુશક—

દિવાકર—(પ્રવેશ કરીને) ૐસૂર્યાયનમઃ દીવા કરાયનમ આદીત્યાય હે દીનમણે દિવાકર પાહિમાં (બેસે છે.)

પ્રભાકર—(પ્રવેશ કરીને) ૐસચ્ચિદાનંદાયનમઃ ૐનિરગુણાયનમઃ ૐ જગત સાક્ષિણેનમઃ હે નિરંજનમાં પાહિ માંપાહિ (બેસે છે.)

પદમાકર—ૐ વિદસવેનમઃ ૐ દેવકીનંદાયનમઃ ૐ વાસુદેવાયનમઃ હે કંસ મર્દન શિશુપાલ વધ કૃતપ્રત તનોમાં રક્ષમાંરક્ષ (બેસે છે.)

મુકતાકર—(પ્રવેશ કરીને) ૐ નિલકંઠાંયનમઃ ૐ કાશીઃ યતયેનમઃ ૐ વિશ્વનાથાયનમઃ નમઃ શીવાયનમઃ શીવાયનમઃ શીવાયહે ત્રીપુરાસુર પુરદહનમાં મુક્તારયમાં મુક્તારય (બેસે છે.)

અંબાલાલ—(પ્રવેશ કરીને) ૐ શકત્યૈનમઃ ૐ નવદુર્ગાયૈ નમઃ હે હિમગીરી નિવાસી મહિશાસુર મર્દિનિ ત્રાહિમાં ત્રાહિમાં (બેસે છે.)

વિદુશક—અરે? આતે ક્યાંથી રાફડો ફાટ્યો છે કે શું આટલા બધા બેડોલ લાંબી દાઢીવાળા અને જટાવાળા

વાનર ક્યાંથી આવ્યા છે? ચાલો આંઈથી ચાલો શંખભાઇ! મારી વાડીનાં બધાં પુષ્પ તુટી જાય છે, ઇહાં નહીં બેસસો જો. એ. હે અબ્યા આ નથી માનતા કે પછી ધકો લાગશે એમાં શું માલ!

અંબાલાલ—ક્યાહે લપો:શંખ જંગલિ ક્યાહે? કાયકુ બકવા કરકે રૂશીજનકું દુખ દેતાહે! ઓર વાનર કહતાહે!

વિદુશક—શુંકે શકિપંથી શુંકે!”તું ડરાવિશ નહીંહો અને તારા ડરાવ્યા અમે ડરિયેકે શું? નાના સમજિસં નહીં આતો કાકા શાંતનુ મુનિનો આશ્રમ છે સમઝ્યો કે નથી સમઝ્યો?

પ્રભાકર—અરે જંગલી હમભી! શાંતનુ મુનિકે પાસ શાસ્ત્રાર્થ કરનેકું આયેહે બાસ્તે આપ તે ગડબડ છોડ દે, નાંહીંતો તેરા બુરા હાલહે.

વિદુશક—વારૂ ભાઇ વારૂ ત્યારેતો તમે અમારા મિ. જમાન થયા કે નહીં ત્યારે એમ કેમ બોલતા નથી? હાય હાય! પાછલ મતીયા બ્રાહ્મણ કહ્યા છે ઇશું ખોટું છે? અને જુઓ મેં તમારૂ કેટલું અપમાન કરયું પણ પ્રથમથી ફાટ્યા હોતતો મારાથી આમ બકાત.

અંબાલાલ—કુછ ફીકર નહીં જંગલી હમો રૂશીજનકું માન અપમાનકી બાત નહીંહે.

શાંતનું—(પ્રવેશ કરિને.)

ध्यायेन्नित्यंमहेशं रजतगिरिनिभं चारुचंद्रावतंसं ।
रत्नाकल्पोज्वलांगं परशुम्रगवरा भितहस्तंप्रसंनं॥
पद्मासिनंसमंता त्स्तुस्तिरमरगणै र्व्याघ्रचर्मांवसानं।

विश्वाद्यंविश्ववंद्यं निखिलभयहरं पंचवक्त्रंत्रिनेत्रं।१।

હરહર પશુપતેમાંપાહી (બેસે છે.)

બધાએ—(ઉભા થઇને નમે છે) ગુરૂરાજ અબી વંદન કરતેહે.

દિવાકર—

श्रीकस्ययस्यात्मजमेकमूर्तिकेयुरहारांगदभुषितागं।
ज्ञानप्रदिपंत्रिगुणात्मकंचनमामिसूर्यंभुवनप्रदिपं।१।

ગુરૂરાજ શાંતનુ! મુનેં એક જગતકા સાક્ષી ભગવાન્ સૂર્યનારાયણ કશ્યપ રૂશિકિ પુત્ર, એક મુર્તિ મુકુટાલંકાર બાજુબંધ સહવર્તમાન નવમલ્લિકા પુષ્પકે હારકું શોભા. યમાંન કરનાર ત્રિગુણાત્મક ચતુર્દશ ભુવનમે પ્રકાશ કરને હારા જો દીનમણી સુર્યનારાયણહે, ઉસ્કુ મેરા વારંવાર પ્ર. ણામહે ઓર મેંતો સિદ્ધાંતસેં કહતા હું કે હે મુને સુર્યનારાયણ બીના પ્રત્યક્ષ દેવ દુસરા કોનહે? કોઉ નહીં. :

વિદુશંક—અરે આતો વળિ સુર્યનો ભક્ત અને નામ પણ દિવાકર એટલે સુર્યનેં નામે નામ પડ્યું છે, માટે તારિ કુઇઆને ધન્ય છેકે **यथा नाम तथा गुणः** બાઇસા. હેબનુ જેવુ નામ તેવાજ ગુણ છે ખરા.

દિવાકર—અરે! જંગલી? રૂશીઓ કે સમક્ષ જ્ઞાન ચર્ચા કે બખત મશ્કરી નહીં કરનાં, એક બાજુ બેઠકે સુન.

•પ્રભાકર—અરે દિવાકર? તે કહતાહે મગર સુર્યનારાયણ તો ત્રિગુણાત્મક મુર્તિહે, ઉસેં ઇશ્વરસે ભિન્નહે, લેકીન વો ઇશ્વર નહીહે, ક્યુંકે ઇશ્વર સાક્ષાત્ નિરગુણહે, નિરાકારહે,

ઓર સચ્ચિદાનંદ સ્વરૂપહે.

नभूमीर्नचापोनवन्हिर्नवायु ।
र्नचाकाशमास्तेनतंद्रानानिद्रा ॥
नग्रिष्मोनशितंनदेशोनवेशो ।
नयस्यास्तिमूर्तीस्त्रिमूर्तितत्वमिडे॥१॥

પૃથ્વી, આપ, તેજ, વાયુ, આકાશ, તંદ્રા, નિદ્રા, ગ્રીષ્મ શીતદેશ વેશ કુછ નહીહે ઓર જીસ્કી મુર્તિ ભી નહી હે વો ત્રિમુર્તિ ભગવાન્ એક સચ્ચાહે યહ જગતકા સાક્ષીહે મગર વોઅ કર્તાહે સાકાર રૂપ ધારન કરતાહે મગર નિરાકારહે યહ વૈરાટ દેહકે બીચમેં બાહ્યાભીતર વિચરતાહે તથાપિ નિરવીકારી હે ઉસ્વાસ્તે એક સચ્ચા દેવતો નિરંજન સચ્ચિદાનંદ સ્વરૂપહે મગર જો મનુશ્યો પાશાણકી પ્રતિમાકું દેવ કહતા હે વો હમ નહિ કબુલ કરતેહેં બાસ્તે હે પદ્માકર નિરગુણ સ્વરૂપકા ધ્યાન ધરના, મગર સગુણ દેહકા ધ્યાંન નહી ધરના ચાહીયે.

પદ્માકર—અરે પદ્માકર તેં મિથ્યા વિતુંડ વાદ કરતાહે મગર સાક્ષાત્ દેવકિનંદન સગુણ વાસુદેવ બીના સબ દેવ જૂઠેહે કયું કે જબજબ અપના ભકતકું સંકષ્ટ પડતાહે તબતબ વો સહાય કરતાહે. જીને સબ દેવતાઓકું બંધનસેં મુકત કીયાહે વોજ દેવહે દુસરા દેવ કોનહે મગર તેરે જેસા નાસ્તિક પાશાણકી પ્રતિમાકુ દેવ નહી માનનાર ઇશ્વરકી નિંદા કરતાહે વો નરકગામિ હોતાહે તસ્માત્ કહતા હું કે,

એક અંતરયામિ ભગવાન કૃષ્ણચંદ્ર બિના કોઇકું દેવ નહીં કહના ઓર શાસ્ત્રમે ભિ કહાહે કે.

इदंशारिरंशतसंधिजर्जरं ।
यतत्यवश्यंपरिणामदुर्बलं ॥
किमौशधंप्रच्छसिरामसन्मते ।
निरामयंब्रह्मरसायणंपिब ॥१॥

॥ आर्या ॥

आयुःक्षणलवमात्रं नलभ्यतेहेमकोटिभीःकापि ॥
तच्चेद्गच्छतिव्यर्थं व्रथाततःकाधिकाहानि॥२॥
नमःपंकजनाभाय नमःपंकजमालिने ।
नमःपंकजनेत्राय नमस्तेपंकजांघ्रये ॥३॥

બસબસ વો દેવ બીના દુસરા દેવ કોનહે બાસ્તે પ્રભાકર સબ પ્રપંચકુ છોડકે વિશ્નુદેવકા ભજન કરના જીસેં મોક્ષ મિલેગા મગર મિથ્યા વિતુંડ વાદકું છોડદે.

મુક્તાકર—અરે કયા બોલતેહો, ઓર, નાહક, દેવકી, નીંદા કરતેહો, મગર સાક્ષાત્ સદાશિવ ભોલેનાથ, બીના દુસરા દેવ કોનહે, ભવાનીપતિ દીગંબરકું છોડકે નાહક કાયકુ મોહ જાલમેં ફસાતે હો અરે? તુહારા ઉધાર વિશ્વ. નાથ બીના કોઉ નહી કરેગા જીનેં ગંગાકુ જટામે ધારન કીયાહે અર પાર્વતીકુ અંકમે લિયાહે સ્મશાનમે મોજસે.

થ ફિરતેહે તાકીદસેં પ્રસંન હોકર આપના ભક્તાકું વરદાન દેતાહે એસા ભગવાન્ સાક્ષાત્ જો શંકરેહે ઉસ્કા ધ્યાન ધરના લેકિન કોઉકીં નિંદા નહી કરનાં બસ બસ મૈંતો ઉસ્કુજ દેવ ગીનતાહું મગર દુસરા કોઉકું નહીં માનતાહું

श्लोक.

नमस्तेनमस्तेविभोविश्वमुर्ते ।
नमस्तेनमस्तेचिदानंदमुर्ते ॥
नमस्तेनमस्तेतपोयोगगम्य ।
नमस्तेनमस्तेश्रुतिज्ञानगम्य ॥१॥

બસબસ આપતો દિલચાયસો કરો મગર મૈંતો ગંગાધર બીના કોઉ દેવકું કબુલ નહી કરૂંગા નમઃશિવાય નમઃ શિવાય નમઃ

અંબાલાલ–ભાઈ તુંમ પરસ્પર સંવાદ નહિકરો એક ઇશ્વરી માયા ભગવતી બીના દુસરા કોઉ દેવ નહીહે જીને ચોસઠ જોગીની સ્વરૂપ ધારન કીયાકે વો હીમગીરી નિવાસી અંબીકા બીના હમ કોઇકું નહી માનતેહે બ્રહ્મા, વિશ્નુ, મહેશ સબ દેવી રૂપજહે, મૈતો એસા સમઝતાહું આપકુ ક્યા માલુમ હોવે વો ધર્મ ન્યારાહેજી દેવીકી ભક્તિ કરનાવોજ જન્મ લેનેકા સાર્થકહે ક્યું કે ભગવતીકા પ્રતાપસે બડેબડે રાજાઓ ઓર દેવતાઓ સંકષ્ટસે મુક્ત હુવેહે બાસ્તે સર્વ ઉસ્કી આરધના કર લો, ક્યુંકે ઉસ્કી ઉપાસના બીના મોક્ષ નહી મીલેગા.

श्लोक.

आशासुराशिभवदंगवाल्लि ।
भासैवदासिकृतदुग्धासिधुं ॥
मंदस्मितैर्निंदितशारदेंदुं ।
वंदेरविंदाननसुंदरित्वां ॥१॥
शारदाशारदांभोजवदनावदनांबुजे ॥
सर्वदासर्वदास्माकंसंनिधिःसंनिधिःक्रियां ॥२॥

દેખો રૂશીજનો અંબાકા બરનન સુના?

વિદુશક—શું ગડબડ ગડબડ કરી માથાકુટથી માથુ પકાવોછો શરમાતા નથી? આ. અમારા ગુરૂ જોને કાંઈ બોલે છે, અને જ્યારે બોલ્યાકે જાણે પથરાનો વરસાદ પડયો કેમ કાકા? શાંતનુ મુનીરૂશી ભાઇ આ હું દર્યાનિ ધંટોયે ગુનાર ઠિક ભરડુંછું ના? આ અમારૂંતો એમ છે જ્યારે બોલિયે ત્યારેતો સાચુ બોલીયે અને કાંતો બોલિયેજ નહીં. પણ બાઈ વખતે તો બોલવું પડશેજ ક્યો.

શાંતનુ—હે સબરૂશીજનો? આપકુ એક બાત સુનાઉ સુનો દેખો પ્રભાકર ઔર અંબાલાલ સબદેવ એક રૂપહે ઉસવાસ્તે કોઉકી નિંદા નહી કરનાં મગર સુનો જો જીસ્કુ રસ્તા પસંદ આતાહે સોહી ગ્રહન કરતાહે લેકીન બ્રહ્મા, વિશ્નુ, મહેશ, અંબા, ગણપતી, દત્તાત્રી, સબ એકજ રૂપહે ઉસવાસ્તે જો જીસ્કા દેવહે ઉસ્કી ઉપાસના કરના મગર.

દુસરા દેવકી નિંદા નહીં કરનાં કયુંકે નિંદા કરનેસે નરકકા અધીકારી હોતેહે તસ્માત્ આપ સર્વ ઇધરહીં દોચાર માસ તલક નિવાસ કરકે રહોગે તબતો મેં સર્વ વૃતાંત જાહીર કરકે ખુલાસાસેં તત્વજ્ઞાન બતા દેઉ. ઓર શાસ્ત્રમેં લિખાહેકે

श्लोक.

यतिनिंदापशुंहंति । स्त्रीणांनिंदाधनक्षयं ॥
राजनिंदानयेन्म्रत्युं । ब्रह्मनिंदाकुलक्षयं ॥१॥

સંન્યાસીઓકી નિંદા કરનેસેં પશુઓકા નાશ હોતાહે, ઓર સ્ત્રીઓકી નિંદા કરનેસેં ધનકા નાશ હોતાહે, રાજાકી નિંદા કરનેસે મત્યુ હોતાહે ઓર બ્રામણકી નિંદા કરનેસે કુળકા ક્ષય હોતાહે તસ્માત્ નિંદીત વચન અપના મુખસેં કભી નિકલના ન ચઇયે.

અંબાલાલ—વાહ ગુરૂરાજ આપકી ક્યાબાત? બસબસ મેંતો આપકા શિશ્ય બનકે ઇહાંહી રહુંગા મગર મેરા દીલમેં જો વિક્રિયા હેસો દૂર હોના ચઇયે.

પ્રભાકર—ગુરૂ મેભી આપકા શીશ્યહું મેરેકુભી તત્વજ્ઞાન ગ્રહન કરનેકિ ઇચ્છા હેસો નિઃશંકબતાઓ ગુરૂમહારાજ !

શાંતનુ—કુછ ફીકર નહીં રૂશીજનો કુછ ફીકર નહીં આપ દોચાર માસ તલક ઠેરો આપકુ તત્વજ્ઞાન બતાકે નિઃશંક કરદેઉગા પરંતુ અબતો મધ્યાન્હ. સંધ્યાકા બખત હોગયાહે સો ચલો સર્યુગંગાકે કિનારેપેં ફીર આકે કથા પ્રસંગ બીસ્તારસેં કરેગેં.

પ્રભાકર—અચ્છા ગુરૂ ચલો મગર એક પરબ્રહ્મકી સ્તુતિ કીયાબીના યહાંસેં ઉત્થાન હોના ન ચહિયે.

શાંતનુ—અચ્છા તબ સ્તુતિ કરકે ફીર જાયંગે ચલો (બધાઓ ઉભા થાય છે ને ગાય છે.)

आर्ति.

निरगुण रूप तमारुं निरंजन
निरगुण रूप तमारुं ॥ टेक ॥
आरे जगतना साक्षि दयालु ।
चिदघन विश्व विलासी ॥
बाह्याभितर आप रहोछो ।
माया गुण प्रकाशि ॥ निरंजन० १ ॥
वारंवार जगत शुभ करवा ।
सात्विक रूप करिने ॥
माया मोह थकी छो न्यारा ॥
तोपण गुण धरिने ॥ निरंजन० २ ॥
हे परमात्मा निरविकारि ।
सच्चिद आनंदकारि ॥
निरव्यलिक निराकार देवा ।
मोक्ष दियो अघ हारि ॥ निरंजन० ३ ॥

અંબાલાલ—અબતો ચલો ગુરૂરાજ સ્નાનસંધ્યા ષટ્કર્મ કરલેવે.

શાંતનુ—અચ્છા ચલો રૂશીજનો સત્વર ચલો વિલંબ હોતાહે (બધાઓ જાય છે.)

॥ प्रथमो ऽयंप्रवेशः समाप्तः ॥

પ્રવેશ ૨ જો.

સ્થળ તપોવન.

પાત્ર.

જ્ઞાનવતી—કમલાક્ષી—ચંદ્રપ્રભા—શાંતનું—બે વિદ્યાર્થી.

જ્ઞાનવતી—(ઉદાસી ચેહેરે સ્વગત) હરહર દયાધના આજ મેરેકું બિના પુત્રકે લીયે બહોત દુઃખ હોતાહે. અરે! જીસકે ઘરમેં એકબી પુત્ર નહીંહે ઉસ્કુ ધીકારહે, અરે મેં કૈસી નિરવિભાગણી કે મેરેકુ પશુપતી ને એકભિ પુત્ર નહીં દીયા? તબ કર્મકી બાત હા મેરા તકદીરમેં પુત્ર નહીં લખા હોગા સો કહાસેં મિલેગા? પરંતુ મનકું નિયમમેં રખનેકી શક્તિ નહી હૈ દૈવપુત્ર બિના મનોવિકાર થંડા નહી હોતાહે, પુત્ર બીના મોક્ષ નહી હોતાહે, પુત્ર બીના નરકમેસેં ઉધાર નહી હોતાહે ઓર એક જગે કહાહેકે पुन्नाम्नो नरकात् त्रायते सौपुत्र. १.

નરકમેસેં ઉધાર કરનારકુજ પુત્ર બોલતેહે ઐસા સુપુત્રસેં મેં પુત્રવતી નહી હોઉગી? ઔર ઐસા બીચારમેં તદ્લીન હોનેસેં અત્યુકું પ્રાપ્ત હોઉગી અરે હે ઈશ્વર! તેનેજ જબ ઐસા દુઃખ દિયા તબ કીસ્કી આગેં બાત કહનાં.

श्लोक.

मातायदिविशंदद्यात्पिताविक्रयतेसुतं ॥
राजाहरतिसर्वस्वं कातत्रपरिकल्पना ॥१॥

અપની માતાજ જબ બાળકકું વિષ દેતાહે, પીતાજ જબ પુત્રકા વિક્રય કરતાહે, ઔર રાજા ઉર્કું રક્ષક જબ સર્વસ્વહરેન કર લેતાહે તબ ઉસ્કી ફરીયાદ કીસ્કી પાસ જાકે કરનાં ઉસ્માફીક હે દૈવ તેજ રક્ષક હોકે પુત્ર મુખ કમલકા દરશન નહી દેનેકા દુઃખ દેતાહે.

(ગાયન.)

॥ ललित छंद ॥

दुःखद रूप हा दैव कां थयो ।
अरर दुःखमां तुंय क्यां गयो ॥
अपरणा पती पुत्र लहाय रे ।
तुज विना नथी को सहाय रे ॥१॥
निरविभागिणी हायरे मुने ।
विमुख दैव छे हाय शुं गुने ॥
तनयना विना जीव जाय रे ।
अरर ओ हरी दुःख थाय रे ॥२॥
मधुर सादथी बाळ आविने ।
बहु बकोरतो मा सुभागिने ॥

दिवस तेज कां नाशी जायरे ।
मरण आवियुं हाय हाय रे ॥३॥
गमत बहु करे अंगमां पडे ।
कदि न बोलिये तर्त तो रडे ॥
गमतनी अतां मोज थाय रे ।
तुज विना नथी को सहाय रे ॥४॥
वदन ऊपरे कर धराय रे ।
पय पयोनिधी तो पवाय रे ॥
सुखद दिवसो तो गणाय रे ।
अरर ओ हरि दुःख थाय रे ॥५॥
कठिन दिवशो केटला गया ।
अरर दुःखना केटला रह्या ॥
दिवश जे गया ना गणाय रे ।
अवर आवता ना खमाय रे ॥६॥
हव्य कव्य तो कोण होमशे ।
स्वर कपाट तो कोण खोलशे ॥
अमर दर्शनो नां पमाय रे ।
मरण आवियुं हाय हाय रे ॥७॥
अति कठोर आ कालजुं थयुं ।

अरर हाय कां फाटी नां गयुं ॥
अरर वेदना नां खमाय रे ।
तुज विना नथी को सहाय रे ॥८॥
अरर कैकने सेंकडो जडे ।
अरर मूजने एक नां मले ॥
वांझ गाल तो नां खमाय रे ।
अरर ओ हरी दुःख थाय रे ॥९॥

હરે હર શંકરા હાયરે ભગવાન હારાધા વલ્લભા ? (મુ-રછીત થાય છે.)

કમલાક્ષી—(પ્રવેશ કરીને) અહાહે માતુ જ્ઞાનવતી ? સાવધ હોનાં સાવધ હોનાં ઐસે શોક સમુદ્રમે કયું લીન હો ગયે હો?

જ્ઞાનવતી—(સાવધ થઇને) અરે દૈવ તેભી મેરેપર નિરદય હો ગયે ભલા.

કમલાક્ષી—માતુ અભીવંદન કરતી હું.

જ્ઞાનવતી—અખંડ સૌભાગ્યા ભવપુત્રી.

કમલાક્ષી—અહાં માતુશ્વરી આજ ઐસે શોચ સમુદ્રમે નિમગ્ન હો કર પરિતાપ કરતે હો અગર કુછમાલુમનહિ હોતાહે કે ઇસવક્ત આપકા પવીત્ર અંતઃ કરણમે ક્યા પરિતાપ હોતાહે?

જ્ઞાનવતી—(નીસ્વાસ નાખીને બોલી શકતી નથી.)

કમલાક્ષી—માતુ માતુ કયું બોલતે નહી હો? (ઉચું જો-

ઇને) અરે! હે દીનબંધું ? કૃપાસિંધુ? ભગવાન તેરી ગતિ અગમ્ય અરૂ અપાર હે. (જ્ઞાનવતીને) માતુ માતુ ક્યાંહે શોર દુખતાહે ઉદરમે કુછ વ્યથા ઉત્પંન ભઈ હે? હે ક્યા?

જ્ઞાનવતી—(નિઃસ્વાસ નાખીને) પુત્રિ કુછ નહી હે.

કમલાક્ષી—નહીં, નહીં, માતુશ્વરી મેરી આગે બાત કહેને સેંકુછ શંકા રહતિહે એસાતો નહી તબ ક્યા જો હોવેસો નિઃસંદેહ કહના ચહિયે.

જ્ઞાનવતી—અહાં બેનિ તેરી આગે નિઃસંદેહ બાત કરનેસેં ક્યા કુછ મેરા દુખ દૂર હોગા? તબ ક્યા! ફીર ફીર સંતાપ કરનેકે લિયે મેરા દિલકી બાત કહના.

કમલાક્ષી—અચ્છા માતુશ્વરી ઓર આપકી ઇચ્છા. વો બાત પુછનેકા મેરેકું અવશ્ય પ્રયોજન નહીં હે અગર ઇતનાં તો સમઝતિ હુંકે ઇશ્વર પ્રસાદસેં મનુશ્યોકા દુખ દુર હોતાહે બાસ્તે પાર્વતિપતિકા સ્મરન કરના પરંતુ શોચ કરના વો આપ જેસી પતીવૃતા સ્રીકું ઉચિત નહીં હે.

ચંદ્રપ્રભા—(પ્રવેશ કરીને) મા તુ વંદન કરતીહું.

જ્ઞાનવતી—અખંડ કલ્યાણ પુત્રિ બેઠજા.

ચંદ્રપ્રભા—ક્યું કમલાક્ષી જ્ઞાનવતીકા અંતઃકરણમેં આજ કુછ પરિતાપ જેસા માલુમ હોતાહે ક્યુંકે ઉસ્કી મુખમુદ્રાજ દુખકા કારન અવલસે જાહીર કરતીહે ક્યું સચ્ચકે જાનું ?

કમલાક્ષી—હાં એસાઈ હે! મગર કુછ બોલતિ તો નહિ હે.

ચંદ્રપ્રભા—આપકુ ઈધર આયે કીતના બખત હુવાહે ?

કુછ પૂછાહૈ? નાંહીતો અપને દોનું મીલકે પૂછદે એહેતો કુછ બડા કારન અગર બીના પૂછનેસેં અપને કુછ માલુમ હોગા?

કમલાક્ષી—ચંદ્રપ્રભા મેંતો બહોત બખતસે અત્યાગ્રહ કરકે પુછતી હું લેકિન જ્ઞાનવતીકે મુખસેં એકભી શબ્દ નહી સુનાં.

ચંદ્રપ્રભા—તેરે પૂછનેસેં કુછભી જવાબ નહીં મીલા તબ ક્યા મેં કુછ તેરેસેં બડીહું કે મેરે કહનેસેં જ્ઞાનવતી અપના દુખકી બાત કહ દેવે? તબતો સબ પ્રયત્નો વ્યર્થ હે!

કમલાક્ષી—ચંદ્રપ્રભા પૂછતો સહી અબ અપને દોનું મીલેહે તબ ઉસ્કા દિલકી બાત પૂછા બીના કભી અપના આશ્રમપે નહીં જાઈંગે.

ચંદ્રપ્રભા—એનિ બીના પૂછે જાનાવેતો અપનેકુજ ઉચિત નહીહે ઓર ઉસ્કા દિલમે બહોત પરિતાપ હોતાહે વાસ્તે કમલાક્ષી ઉસ્કા કારન અવશ્યમેવ પૂછના ચઇયે.

કમલાક્ષી—અછા અબમે પૂછતી હું ઓર તેરે કુભી કુછ મદદ કરના. અબ મેં પૂછતી હું.

ચંદ્રપ્રભા—અહાં એની અપનેસેં બને ઇતની મેહેનત કરકે ઉસ્કા દુઃખ દૂર હોવે એસા ઇલાજ બતાના બલકે અપના પતાં સેવાકા ફૂલ દેના પડે તોભી ક્યા?

કમલાક્ષી—ધન્યહે ચંદ્રપ્રભા તેરેકું ધન્યહે અલબત ત સતીહે તેરેસેં ઉસ્કા દુખ દૂર ન હોવે એસાતો કભીહો નારજ નહીં હે.

ચંદ્રપ્રભા—અહાં કમલાક્ષી તોભી મેરેસેં અધીકહે તેરે જેસી પતિવૃતા સ્ત્રીયોકા દરશન મનુસ્યોકુ મોક્ષ રૂપહે.

કમલાક્ષી—હલા ચંદ્રપ્રભા શાંતનું રૂશીકુ આનેકા સમય હો ગયાહે બાસ્તે મુનીરાજકુ આનેકે અવલ અપનેકું વો બાતકા ખુલાસા મીલ જાવેતો અછા. અબમેં પૂછતીહું.

ચંદ્રપ્રભા—હલા કમલાક્ષી ધીરજ ધરકે અરૂ સુવિનયસેં પૂછના કે જીસેં જ્ઞાનવતી અપના દુખકી બાત નિઃસંદેહ બીના હરકતસેં કહદેવે.

કમલાક્ષી—(જ્ઞાનવતીને) અહાં માતુ જ્ઞાનવતી અપનાં દુખ કોઉકું બીના કહનેસે દૂર હોગા? તબ ક્યા મેરી આગે કહનેસેં કુછ હરકત હે? નહીં, નહીં, જો હોવેસો કહનાં ચહીએ.

જ્ઞાનવતી—(નીઃસ્વાસ નાખીને) પુત્રી ક્યા કહું મેરેકું બહોત દુખ હોતાહે બેનિ ક્યા કરૂં કીધર કહું દુખકી બાત.

ચંદ્રપ્રભા—બેની આપકું ક્યા દુખહે હમકુ કહના ચાહીયેં

જ્ઞાનવતી—અહા મમભગીની ચંદ્રપ્રભા? અબ મેરી વૃધાવસ્થા આનેકા વખત હુવા મગર (બોલી શકતા નથા.)

• **કમલાક્ષી**—તુ ધૈર્ય રખનાં ઇશ્વર સ્મરણસેં સબ દુખ દૂર હોગા (નીઃશ્વાસ નાખીને) હરહર વિશ્વંભર.

જ્ઞાનવતી—બેનિ કૃપાસિંધુ ભકતજન વલ્લભ ભગવાન્ કરનચંદ્રને મેરેકું એક પુત્ર દેનેસ ઉસ્કે ખજાનેમેં કુછ કમતી હો જાતનાહી પરંતુ બેનિ અબમેં ભગવાનકિ પ્રાર્થના કરતીહું.

[त्रणे साथे दादरो गायछे,नागनके बचे ए गा[illegible]]

हे दयाघना दया करो हवे मुने,प्रार्थना करूछुं देवा॥

आज हुं तुंने रे, दयाघना दया० ॥ टेक ॥
मागती नथी रे आज जगत राजने ॥
स्मृधि सुख मागती नथी सुकाजने ॥ रे दया० ॥
ईंद्रराज सुख तुच्छ इच्छती नथी ॥
वार वार शुं कहुं हुं तुजने कथी ॥ रे दया० ॥
पार्वतीपति कठोर का थया मुने ॥
अरर निरदयोनी पेठे ना घटे तुने ॥ रे दया० ॥
मात्र एक पुत्र आश दिलमां धरी ॥
अपरणा पति कृपालु प्रार्थना करी ॥ रे दया० ॥
ले विचार लेश दिन जांणीने मुने ॥
पुत्र आपवाथी खोट नावशे तुने ॥ रे दया० ॥

હરહર શંકરા! હાયરે ભગવાન! (મુરછીત થાય છે.)

ચંદ્રપ્રભા—માતુ આપકા નામ જ્ઞાનવતીહૈ ઉસ્કા મતલબતો આપ જાનતેહો તથાપિ મેં કહતીહું કે ज्ञानंविद्यते यस्याःसाज्ञानवती.

જીસ્કે અંતઃકરણમેં ઈશ્વર સંબંધિ તત્વજ્ઞાનહૈ ઉસ્કુજ જ્ઞાનવતી બોલતેહૈ બાસ્તે યહ દેહકું ઐસા દુખ દેના ન ચહિયે માતુ.

કમલાક્ષી—અઈ ચંદ્રપ્રભા બીના પુત્રકે લિયે માતુકું ઐસા અસહ્ય દુખ! હરહર!! દયાઘના ક્યા સંકટ!

ચંદ્રપ્રભા—અલબત્ત [illegible] પાતેહૈ યહ દુખદ સંસારમેં મોક્ષ

રૂપ કુલ પુત્રજહે અરૂ માતા પીતાકું નરકમેંસે ઉદ્ધાર કરને હારાભિ સુપુત્રજહે પરંતુ માતું કુછ ચિંતા નહી કરનાં પુત્ર મીલેગા એક નિષ્ટાસેં હરી ધ્યાનમેં રહના.

જ્ઞાનવતી—અરે બેનિ કહાંસે મિલેગા! ભગિનિ! બીના પુત્રસેં જીના વૃથાહે અબ મેરા મૃત્યું હોગા મગર પુત્ર મુખકા દર્શન નહી હોગા હરહર શંકર!!

(મુર્છીત થાય છે.)

કમલાક્ષી તથા ચંદ્રપ્રભા—મા તુ સાવધ હોનાં સાવધ હોનાં (ગાય છે)

ललित छंद.

त्यज तुं शोक हे मातु माहरी ।
तनय तो मले जो मया हरी ॥
मन विकारने त्याग तुं करे ।
अखिल नाथनुं ध्यान तुं धरे ॥१॥
वचन मान तुं माहरुं जरी ।
अजित देवने चित्तमां धरी ॥
रटण नाथनुं तुं करे खरे ।
अखिल नाथनुं ध्यान तुं धरे ॥२॥
सघन शोचथी शुं सुखो थशे ।
उलटुं देहमां कष्ट वाधशे ॥

भगिनि भावथी ईश आशरे ।
अखिल नाथनुं ध्यान तुं धरे ॥३॥
दुखज दूर तो ताहरूं थशे ।
रतन पुत्र तो दैव आपशे ॥
तनय दुःखना क्लेशने हरे ।
अखिल नाथनुं ध्यान तुं धरे ॥४॥

માતુ અલબત સચબાતહે પુત્ર બીના ગ્રહસંપત્તિ કુટુંબ પરીવાર લક્ષ્મી સબ વિશવતહે ઔર હવેલી બાગબગીચા ઉપવનાદિસબ સ્મશાન કે માફીક વ્યર્થહે.

ચંદ્રપ્રભા—અરેહે ઐસાઇ મગર જીસ્મેં અપના સબ પ્રયત્નો વ્યર્થહે તબતો નાહક ક્યા દેહકુ દુખ દેના?

કમલાક્ષી—સખીચંદ્રપ્રભા તેરા કહના અલબત રાસ્તહે અગર્ચ મનોમય તુરંગકુ નિયમમેં રખના બડા મુશકીલહે ક્યું કે બડેબડે મહાત્માઓ અરૂજીતેંદ્રીય પુરૂષોભી મનકું આધીન હોકર અપના તપસેં ભ્રષ્ટ હોજાતેહે તબ અપને જૈસિ અબળા સ્ત્રિયોકી ક્યા કથા કહના? અરે મંન અવધી અવધી ક્યા બાતહે તેરિ,

ચંદ્રપ્રભા—અરે સખી કમલાક્ષી દુસરી સબ બાત છોડકે કરતઅપર લક્ષ દેનાં વોજ ઉચીતહે.

કમલાક્ષી—બહોત અચ્છા અરે સખી ચંદ્રપ્રભા અહા પવીત્ર પતીવૃતે મા તું જ્ઞાનવતી અપને તિનું મીલકે દીન

પ્રભુ કૃપાસિંધુ ભગવાન્ ભગતવત્સલ! પરબ્રહ્મકી સ્તુતિ કરે
જીસે યહ ઉદ્વેગ અલબત મિટ જાયગા.

(ત્રણે મલીને ગાય છે.)

[स्वस्त श्री स्नेहपुर स्थान शोभे सारुंरे ए राह.]

गौरिनाथ विश्वंभर आज, गुण तारा गाईये रे,
धरी शंकर केरुंरे ध्यान, पावन थईये रे;
तारी अकळ कळा जगदीश, को नव जाणे रे,
इंद्र आदि अमर गण कोय, नव परमाणे रे. १
शेश ब्रह्मा अनेरे कुबेर, गुण तारा गाये रे,
रूषी सहस्र अठ्याशी सुजाण, कृतारथ थाये रे;
मुनि नारद जेवारे भक्त, ते त्रिपुरारी रे,
थया समरथ चौद भुवन, कृपा छे तारी रे. २
तुं छे आदि अनादि अनेक, जन सुख कारी रे,
दया करजे दिगंबरनाथ, आ दुःख भारी रे;
आ संसार तणोरे समुद्र, तेथी तारो रे,
भव भंजन दीनानाथ आप उगारो रे. ३
तारो पार-न-पामे कोय अंतरजामी रे,
अज चार मुखे गुण गाय आवे तोय खामी रे;
माटे अबलातणीरे हे ईश स्तुति जाणी रे,

देशो ज्ञानवतीनेरे पुत्र दीन प्रमाणी रे. ४
वांझियानुरे लंछन नाथ आप मटाडो रे,
करी पुत्रवती आ नार सुमार्ग सुझाडो रे;
नथी उगरवानो उपाय पुत्र वीनाने रे,
माटे अरजी भवानीनाथ धरज्यो ध्यानेरे. ५

गीती.

रे मातु स्थिर चित्ते,
रुषी शांतनुं वीनवजे जाणी;
थशे भाग्य तारानो,
उदय आ समे निशंक परमाणी. १

માતુ જ્ઞાનવતી મેં આપકુ ઉપાય બતાતીહું કે ઋશી શાંતનુંકુ આનેકા સમય હુવાહે વાસ્તે વો જબ આયે ઉસબખત ઉસ્કી પ્રાર્થના કરકે બહોત આગ્રસેં પુત્ર મિલે ઐસિ કૃપા સંપાદન કરનાં જીસેં અલબત વો તપોધન ઋશી કૈલાસ નિવાસી કાત્યાયની પતિકી ઉપાસના કરકે પુત્ર લેગા વાસ્તે યહ મેરા કહના બીના ભુલસેં યાદ રખના.

ચંદ્રપ્રભા—અલબત કમલાક્ષીકા કહનાં સત્યહે માતુ જ્ઞાનવતી?

गीति.

शंभु कृपा थयाथी,

निश्चे मलशे पुत्र आज तुजने;
छोड कल्पना मा तुं,
नहि मले तो केजे तुं मुजने. १

અહા! હા!! મધ્યાહનકા સમય હુવાહે ભગવાન સુર્ય-નારાયણકા અત્યુગ્ર અરૂપ્રચંડ તાપમેં સબ પક્ષિઓ અ-પને અપને સ્થાનપેં છુપ ગયેહે પરંતુ અબ તક રૂશી શાંતનું કયું નહિ આયે ભલા!

શાંતનુ—(બે વિદ્યાર્થિઓનિ સાથે પ્રવેશ કરતાં)

श्लोक.

नमामिशमिशाननिर्वाणरूपं
विभोव्यापकंब्रह्मवेदस्वरुपं
निजंनिर्गुणंनिर्विकल्पंनिरिहं
चिदाकाशमाकाशवासंभजेहं १
निराकारमोंकारमुलंतुरियं
गिराज्ञानगोतितमिशंगिरिशं
करालंमहाकालकालंकृपालं
गुणागारसंसारपारंनतोहं २

હર હર કૃપાસિંધો! પાહિમાં વિશ્વનાથ (એમ કહીને બેસે છે.)

જ્ઞાનવતી—(ઉભી થઇને) અહામમ મોક્ષદાયક પ્રા-

ણપતિ? યહ જ્ઞાનવતી આપકી પ્રિયદાસી ચરન કમલમેશી શરખતીહે અહામમ પ્રાણેદબંધુ યહ અબલાકી પ્રણામ પુષ્પાજલિ ગ્રહન કરનાં ચહાયે.

શાંતનુ—પ્રિયે સ્વસ્તિ તુભ્યં બૈઠ, પ્રિયા ક્યું આજ તેરા મુખચંદ્ર ઉદાસી માલુમ પડતાહે વલ્લભા ક્યું બોલતિ નહીહે પ્યારી પ્યારી ક્યાહે.

જ્ઞાનવતી—અહામમ દિનોદ્ધારક પ્રાણપતી? કુચ્છ નહીહે (શોકાતુર થાય છે.)

શાંતનુ—નહીં નહીં પ્રિયા કુછકારન બનાહે ક્યું કહતિ નહિહે? તેરા મુખકમળ દેખનેસે સહજ માલુમ હોતાહે.

गीति.

आ समये प्रिय तारुं,
मुख शोकथी ग्रस्त थयुं भासे;
कर मम हृदयानंदी,
पूरण प्रेमे भाषण मुज पासे. १

ક્યું પ્રિયે? આજ ઐસે દીલગીર હોકે કુછ બોલતિ નહીહે તેરા પવિત્ર અંતઃકરણમે ક્યા પરિતાપ હોતાહે? સોમેરિ આગે બોલકે જીસે ઉસ્કા ઈલાજ તાકીદસેં હોવે.

જ્ઞાનવતી—કુછ નહીહે પ્રાણનાથ કુછ નહીહે દીલકા દુખ નિવારણ હોનાવો ઇશ્વરેચ્છાપર આધા રહે તસ્માત બર્થં કહનેસેં આપકુંમેં દુખદરૂપ હોજાઊગિ પ્રાણપતિ.

શાંતનું—કુછ ફિકર નહીં પ્રિયે બોલ આજ તેરા દીલમેં બહોત કષ્ટહોતાહે એસાતો યહ તેરા મુખાબ્જ દેખનેસેજ સહજ માલુમ હોતાહે.

જ્ઞાનવતી—પ્રાણવલ્લભ આપ જબ બહોત આગ્રહસે પૂછતેહો તબતો મેં કહતી હુંકે.

गीति.

मम प्रियपति में आजे,
निज माताने वकोरतो वाल;
एवो शब्द शुणीने,
प्रियपति मारा थयाज आ हाल. १.

અહાં હે સ્વામીનાથ? જબ આપ ષટ્કર્મ કરનેકું સવુ ગંગાકે કિનારેપેં ગયે તબ મેં અપના આશ્રમમેં બેઠિથી ઇતનેમેં મેને કર્ણ પુટસેં એસા શબ્દ સુનાકે માતુ મેરેકું ક્ષુધા પ્યાસેંાકે લિયે બહોત દુખ હોતાહે સોમેરેકું પયપાંન કરાના ચહીયે એસા શબ્દ સુનકે સત્વર નિદ્રાસેં જાગ્રત હોગઈ અરૂપર્ણ કુટિકે નજદીક દેખને લગી તબ નહીં કુછ દેખા ઓર નહી કુછ સુના ઉસ બખતસેંજ ઉદાસી મેં ગીરફતારહો ગઈ અરૂઉદાસી ચેહેરે બીચાર કરને લગીકે મેરેકું સંતતીતો બીલકુલ હે નહીં અરૂમુઝેયહ સંભ્રમ ન કયા હોતાહે! હે પ્રભુ દિનોધારક દયાસિંધો બિના પુત્રકે લિયે એસા અસહ્ય દુખ? હાહા? રાધાવલ્લભ હાયરે ભગવાન (મુરછિત થાયછે.)

गीति.

धीरज धर रे मातु,
धीरज धरवाथी तो सुखथशे
ईश्वर कृपा थकी तो,
शांती थातां क्लेश बधो जाशे. १

કમલાક્ષી તથા ચંદ્રપ્રભા—ધૈર્ય રખના માતુ ધૈર્ય રખના. માતુ ઇશ્વર સ્મરણસેં મનુષ્યોકા દુઃખ દૂર હોતાહે વાસ્તે આપભી પરમેશ્વરકી ભક્તિ કરો જીસેં અલબત વો દુઃખ મીટ જાયગા ઓર મેં ભિજાનેકી રજા મંગતીહું ક્યું કે મેરા પ્રાણનાથભી સ્નાન સંધ્યા ષટકર્મ કરકે આયા હોગા વાસ્તે ઉસ્કી સેવામેં હાજર હો જાઉં ક્યું માતુ અબ મુંઝે આજ્ઞાહે!

જ્ઞાનવતી—અચ્છા બેનિ તેં તેરા પતીકી સેવા કરનેકુ ત્વરાસેં ગમન કર ક્યું કે વો તપોધનરૂશીભી આયા હોગા.

કમલાક્ષી—અચ્છા માતુ મેં જાતીહું (જાયછે.)

શાંતનુ—ચંદ્રમુખીયે બીશયમેં તેરે જૈસિ પવિત્ર પતિવ્રતા સ્ત્રીકું શોચ કરનાં ઉચીત નહીંહે.

જ્ઞાનવતી—(સાવધ થઇને) અહા સ્વામીનાથ આપ મેરેકુ ફીર ફીર કહતેહો મગર નિર્વિભાગિણીકે લીયે જો સંકટ હોતાહે સો અપને દોનુંકુ સમતુલ્યહે પરંતુ ઇશ્વરને પુરૂષકા હૃદય એસાહિ કઠોર બનાયાહેકે પુત્રકા દુઃખસે ભી આપકુ અસર નહીં હોતાહે અરે સંતત્તી બીના

જીતા રેહના બ્યર્થહે (ઊંચું જોઇને) અરે હે દયાઘના મેરે જેસિ પાપિણીને પુત્રકા લાલન પાલન અરૂ પોશણભિ નહીં કીયાહે અરૂ હસીત મુખસેં પુત્રકું અંકમેં લેકર પયપાનભી નહીં કરાયા સો હે પ્રભુ યહ દુખસેં મેરેકું છોડાનેકે અર્થે હા કૃપાનીધાન! યહ દુખ મેરેસેં સહન નહીં હોતાહે અબ મેરેકું મૃત્યુ દેતો અછા હાયરે ભગવાન હરહરશંકરા!!! (મુર્છિત થાય છે.)

શાંતનું—પ્રિયે તેં શોગ્ય કરતિહે મગર અપના તકદીરમેં પુત્ર નહીં લિખા હેસો કહાસેં મિલેગા પરંતુ વલ્લભા યહ અપને દોનું વિદ્યાર્થિ હેસો અપનેકું પુત્ર રૂપજ હેનાં પ્રિયા?

